# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નિકીતા શાહ વાંચે છે.

---

- ❖ જ્ય રણછોડના જયઘોષ સાથે રાજ્યભરમાં ભગવાન જગન્નાથની રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ
- ❖ NEET-UG પેપરમાં કથિત ગેરરીતિ મામલેની વિવિધ અરજીઓ પર આજે સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી થશે.
- ❖ કચ્છની દરિયાઈ કિનારાથી માદક પદાર્થો મળવાનો સીલસીલો યથાવત્ – ગઇકાલે 10 કિલો માદક દ્રવ્યોનો જથ્થો પકડાયો
- ❖ રાજ્યમાં ગઇકાલે બનેલી બે દુર્ઘટનાઓમાં ચાર બાળકોના મોત
- ❖ રાજ્યની તસ્નીમ મીરે ઓપન ઇન્ટરનેશનલ ચેલેન્જ બેડમિન્ટન સ્પર્ધામાં સિંગલ્સનો ખિતાબ જીતી લીધો છે.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Rathyatra

રાજ્યભરમાં ગઇકાલે ભગવાન જગન્નાથની રથયાત્રા પરંપરાગત રીતે ધાર્મિક હર્ષોલ્લાસ સાથે શાંતિપૂર્ણ રીતે યોજાઈ હતી.

રાજ્યના અનેક શહેરોમાં ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઇ બલરામ સાથે નગરચર્યાએ નીકળ્યા હતા.

મુખ્ય રથયાત્રા અમદાવાદના જગન્નાથ મંદિર ખાતેથી યોજાઇ હતી. મુખ્યંમત્રી ભૂપેન્દ્ર પટેલે વહેલી સવારે મંદિર પરિસરમાં ભગવાન જગન્નાથ અને રથનું પૂજન કરી પહિંદ વિધિ કરી હતી. ભગવાના રથની સોનાની સાવરણીથી પહિંદવિધિ સંપન્ન કરી મુખ્યમંત્રીએ રથયાત્રાને પ્રસ્થાન કરાવી હતી.

મુખ્યમંત્રી રથયાત્રાને સાચા અર્થમાં લોકઉત્સવ ગણાવી રાજય સહિત દેશમાં સદભાવના, એકતા, શાંતિ અને સમૃદ્ધિ બની રહે તેવી પ્રભુ જગન્નાથને પ્રાર્થના કરી હતી.

આ પાવન પર્વે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે વહેલી સવારે મંગળા આરતીનો લાભ લીધો હતો. રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પણ રથના દર્શન કરી પૂજા કરી હતી.

રથયાત્રાનો સમગ્ર રૂટ જય જગન્નાથ, જય રણછોડ-માખણ ચોરના નાદથી ગુંજી ઉઠ્યો છે. ચારેકોર માનવ મહેરામણ ભગવાનના દર્શનાર્થે ઉમટ્યો હતો. રથયાત્રામાં 18 ગજરાજ, 101 ઝાંખી દર્શાવતા ટ્રક, 30 અખાડા, 18 ભજનમંડળી, 3 બેન્ડવાજા જોડાયા હતા. રથ ખેંચવા 1 હજારથી વધુ ખલાસીઓ જોડાયા હતા. રથયાત્રામાં 30 હજાર કિલો મગ, 500 કિલો જાંબું, 300 કિલો કેરી, 400 કીલો કાકડી, સહુતનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

બે હજાર વધુ સાધુ-સંતો રથયાત્રામાં જોડાયા હતા. બપોરે મોસાળ સરસપુર પહોંચેલા ભગવાનના દર્શન માટે લાખ્ખો લોકોની ભીડ જામી હતી. ભગવાનના

સ્વાગત સમયે શ્રદ્ધાળુઓનો સાગર છલકાયો હતો. ભક્તિમય અદભુત માહોલ સર્જાયો હતો. ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રા એમ ત્રણેય ભાણેજ મોસાળમાં આ વર્ષે રજવાળું મામેરું કરાયું હતું. દોઢ લાખથી વધુ લોકોએ મહાપ્રસાદનો લ્હાવો લીધો હતો.

મુખ્યમંત્રીએ તેમના નિવાસસ્થાનેથી સી.એમ.ડેશ બોર્ડના વિડિયો પર રથયાત્રાનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. મુખ્યંમત્રીએ અડાલજના જગન્નાથ મંદિર ખાતેથી પણ રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

રથયાત્રામાં 18 હજારથી વધુ સુરક્ષાકર્મીઓ તૈનાત કરાયા છે. 47 સ્થળો પરથી 96 કેમેરા, 20 ડ્રોન, 1 હજાર બોડીવોર્ન કેમેરા દ્વારા રથયાત્રા પર ચાંપતી નજર રાખી હતી. રથયાત્રા રૂટ પર દુકાનદારો દ્વારા લગાવવામાં આવેલા 1400 જેટલા સીસીટીવી કેમેરાની મદદથી પોલીસ કંટ્રોલરૂમ દ્વારા બાજ નજર રાખવામાં આવી હતી. રથયાત્રા રૂટ પર મેડીકલ ટીમો, એમ્બ્યુલન્સ, જન સહાયતા કેન્દ્રો પણ ઉભા કરાયા હતા. દરમ્યાન, 40થી વધુ લોકોને બેભાન થઇ જવા, ચક્કર આવવા, ઉલટી થવી જેવી ફરિયાદો થતા તબીબી સહાય પૂરી પડાઇ હતી.

રથયાત્રા દરમ્યન કોમી એખલાસના સુંદર દ્રશ્યો જોવા મળ્યા, દરિયાપુરમાં મુસ્લિમ આગેવાનોએ રથનું સ્વાગત કર્યું હતું. જગન્નાથના જયઘોષ સાથે રાત્રે 9 વાગ્યા બાદ ત્રણેય રથ નીજ મંદિર પરત ફર્યા હતા.

---------------------------------------------------------------------

-ન્યુઝ પેપર, નીકીતા -(NAVIN)

# Rathyatra jilla

રાજ્યભરમાં વિવિધ સ્થળોએ રથયાત્રાનું આયોજન કરાયું હતું.

પાટણમાં નીકળેલી રથયાત્રાને કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત, સાંસદ ભરતસિંહ ડાભી સહિતના મહાનુભાવોએ પ્રસ્થાન કરાવી હતી. ભારે હર્ષોલ્લાસ અને ભક્તિમય વાતાવરણમાં યોજાયેલી આ રથયાત્રામાં હજારોની સંખ્યામાં લોકોએ દર્શનનો લાભ લીધો હતો. સેવાભાવી સંસ્થાઓ દ્વારા ભકતો માટે પાણી, શરબત, ચા-નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી. તો પોલીસ દ્વારા ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત કરાવ્યો હતો. રથયાત્રામાં વિશ્વ હિન્દુ પરિષદ, દુર્ગાવાહિની મહિલાઓ દ્વારા વિવિધ કરતબો કરવામાં આવ્યા હતા.

ભાવનગર ખાતે યોજાયેલી રથયાત્રમાં રેડક્રોસ દ્વારા અનેક માનવતાવાદી સેવાનું આયોજન કરાયું હતું. રથયાત્રામાં જોડાયેલી ટ્રકોમાં અંગદાન – રક્તદાનના બેનરો લગાવી લોકોમાં જાગૃતિ સંદેશ આપવામાં આવ્યો હતો.

રથયાત્રા દરમિયાન પ્રાથમિક સારવાર, જરૂરી દવાઓ, ORS સહિતની તબીબી સેવાઓ ઉપરાંત 5 સ્થળોએ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આણંદમાં યોજાયેલી રથયાત્રામાં શણગારેલા હાથી, બગીઓ સાથે મોટી સંખ્યામાં ભાવિકો કીર્તન અને નૃત્ય કરતા જોડાયા હતા.

ગોધરા ખાતે ચોર્યાસી બ્રાહ્મણ પંચના નેજા હેઠળ નીકળેલી રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઇ હતી.

---

-ન્યુઝ પેપર, નિકીતા -(NAVIN)

# SC-NEET

NEET-UG પેપરમાં કથિત ગેરરીતિ મામલેની વિવિધ અરજીઓ પર આજે સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી થશે. આ અરજીઓમાં નવેસરથી પરીક્ષાની માંગણી કરતી અરજીઓનો પણ સમાવેશ કરાયો છે. સર્વોચ્ચ અદાલતની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલી યાદી અનુસાર, મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડ અને ન્યાયમૂર્તિ જે.બી. જસ્ટિસ પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચ સમક્ષ 26 અરજીઓ સુનાવણી માટે મૂકવામાં આવી છે.

વિદ્યાર્થીઓએ NEETમાં કથિત ગેરરીતિઓની અલગ અને સ્વતંત્ર તપાસની માંગ કરી છે. NEETના વધી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્રએ સર્વોચ્ચ અદાલતમાં એફિડેવિટ દાખલ કરી છે. કેન્દ્રએ કહ્યું છે કે પરીક્ષામાં મોટા પાયે ગેરરીતિઓના પુરાવાની ગેરહાજરીમાં NEET-UG 2024 ફરીથી કરાવવાની જરૂર નથી. કેન્દ્રએ એવી પણ દલીલ કરી છે કે, નવી પરીક્ષા લાખો સાચા ઉમેદવારોના જીવન પર પ્રતિકૂળ અસર કરશે.

-------------------------------------------------------------------

-રીપીટ

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AMIT SHAH- AHMEDABAD

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઇકાલે અમદાવાદમાં અમીન P.J. કડવા પાટીદાર વિદ્યાર્થી ભવનનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું કે, છાત્રાલયો શિક્ષણ સાથે વ્યક્તિત્વના ઘડતરનો મજબૂત આધારસ્તંભ છે. શ્રી અમિત શાહના નેતૃત્વમાં ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવી કામગીરી થઇ રહી છે.

ઉલ્લેખનીય છે કે, 50 કરોડના ખર્ચે તૈયાર થયેલ 245 રૂમવાળા આ આધુનિક ભવનમાં 1 હજાર વિદ્યાર્થીઓ માટે રહેવાની વ્યવસ્થા કરાઇ છે. સસ્તા દરે રહેવાની વ્યવસ્થા અને વાતાનુકૂલિત રૂમ સાથે આ ભવનો વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે સહયોગી થશે.

આ ઉપરાંત, શ્રી શાહે અમદાવાદની નવનિર્મિત મલ્ટી સ્પેશિયાલિટી સ્લીમ્સ હોસ્પિટલનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

---

-રીપીટ

# DRUGS ACQUIRED

કચ્છની દરિયાઇ સીમા પાસેના જખૌ વિસ્તાર માંથી ગઇકાલે માદક પદાર્થોનો જથ્થો મળી આવ્યો છે.

સરહદ સુરક્ષા દળના જવાનો અને એનસીબીની સંયુક્ત ટુકડી દ્વારા માદક પદાર્થોના 9 પેકેટ ઝડપી પાડવામાં આવ્યા હતા. તપાસ દરમ્યાન 10 કિલો માદક પદાર્થોનો જથ્થો પકડાયો છે. બીએસએફના જવાનોએ જખૌના બેટ વિસ્તારમાં અને ક્રીક વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરી છે. અત્યાર સુધીમાં 181 જેટલા માદક પદાર્થોના પેકેટ બીએસએફના જવાનો દ્વારા જખૌ વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------

-પીટીસી, કચ્છ, કરણ -(NAVIN)

# Accident DANG-BHAVNAGAR

સાપુતારા માલેગામ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પાસે લકઝરી બસે યુ ટર્ન લેતા અકસ્માત થયો હતો. જેમાં બે બાળકોના મોત થયા હતા જ્યારે કેટલાક મુસાફરો ઇજાગ્રસ્ત થયા છે .

અમારા ડાંગના પ્રતિનિધિ જણાવે છે કે સાપુતારા પ્રવાસે આવેલાં સુરત ના પ્રવાસીઓની એક લકઝરી બસ ના ચાલક દ્વારા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા બસ સરક્ષણ દિવાલ સાથે અથડાઈને ખીણમાં ખાબકી હતી. બનાવના પગલે અન્ય પ્રવાસીઓ મદદે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ સાપુતારા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. ઇજાગ્રસ્ત મુસાફરો ને સારવાર અર્થે નજીકના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બીજી એક દુર્ઘટનામાં ભાવનગર જિલ્લાના નાના રાજસ્થળી ગામમાં પાણી ભરેલા ખાડામાં ડૂબી જતાં બે બાળકોનાં મોત નીપજ્યાં હતાં. નાની રાજસ્થળી ગામના સીમ વિસ્તારમાં એક બાળક નજીકમાં પાણી ભરેલા ખાડામાં નાહવા પડ્યો હતો જે ડૂબવા લાગતા તેને બચાવવા ગયેલો અન્ય બાળક પણ ડૂબી જતાં બંનેનાં મોત નીપજ્યાં હતા. આ બનાવથી ગામમાં ભારે ગમગીની ફેલાઈ જવા પામી હતી

---

- પીટીસી ડાંગ ભાવનગર કરણ -(NAVIN)

# Badminton

રાજ્યની તસ્નીમ મીરે ઓપન ઇન્ટરનેશનલ ચેલેન્જ બેડમિન્ટન સ્પર્ધામાં સિંગલ્સનો ખિતાબ જીતી લીધો છે. 19 વર્ષીય તસ્નીમે સેમિફાઇનલમાં રોજી ઓક્ટાવિયાને હરાવી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

ફાઇનલમમાં તસ્નીમે ભારતની જ રક્ષીકા શ્રી ને 21-15, 21-19 થી હરાવી ખિતાબ જીતી લીધો છે.

---

- ડેસ્ક, નિકીતા શાહ– દુર્ગેશ

# GNR Badminton

ગાંધીનગર ખાતે યોજાયેલી અંડર 19 બેડમિન્ટન સ્પર્ધામાં દર્પણ સાણે અને ઐશાની તિવારીએ સિંગલ્સ ખિતાબ જીત્યા છે. ગુજરાત સ્ટેટ બેડમિન્ટન એસોસિએશન દ્વારા યોજાયેલી આ સ્પર્ધામાં ઐશાની તિવારીએ અનેરી કોટકને 17-21, 21-13, 21-11 હરાવી ખિતાબ જીત્યો છે જ્યારે દર્પણ સાણે સૌરીન અબ્બાસીને 13-21, 21-8, 21-10 થી હરાવી ટાઇટલ જીત્યું હતું.

મિક્સ ડબલ્સમાં મોહમ્મદ અલી મીર અને નિયતી આલોકની જોડીનો વિજય થયો હતો.

---

- ડેસ્ક, નિકીતા શાહ– દુર્ગેશ

# GUJ WEATHER

હવામાન વિભાગ અનુસાર આજે અને આવતીકાલે દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ પડી શકે છે. જેમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ તેમજ દાદરાનગર હવેલીમાં હળવાથી મધ્ય વરસાદની આગાહી છે.

ઉપરાંત સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, ગીર સોમનાથ, બોટાદ, દિવ અને દમણમાં વરસાદની શક્યતા છે. તો આવતીકાલે અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર તેમજ દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે.

ગઈકાલે તાપીના અંતરિયાળ ભાગોમાં ભારે વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત ડાંગ, નવસારી, વલસાડ સહિતના જિલ્લાઓમાં સારો એવો વરસાદ નોંધાયો હતો.

-------------------------------------------------------------------

- વેધર સાઇટ – સુનિતા

-(NAVIN)

# PORBANDAR DISTRICT REVIEW MEETING

પોરબંદર જિલ્લાના પ્રભારી કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં ગઇકાલે પોરબંદર વીલા સર્કીટ હાઉસ ખાતે જિલ્લાના પ્રશ્નો અને બાકી કામો પુર્ણ કરવા અંગે સમીક્ષા બેઠક યોજાઇ હતી.

મંત્રીશ્રીએ પાણી,કેનાલના કામો,સિંચાઈ, અન્ન પુરવઠો, કૃષિ, વીજ પુરવઠો, આરોગ્ય તથા કેન્દ્ર તથા રાજ્ય સરકારની જનકલ્યાણ લક્ષી યોજનાઓના લાભ આપવા માટેની તમામ યોજનાની સમીક્ષા કરી હતી.

મંત્રીશ્રીએ જિલ્લા કક્ષાએ માળખાગત કામો અને નાગરિક સેવાઓ અંગે તલસ્પર્શી માહિતી મેળવી દરેક વિભાગને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે અમિપુર ડેમના દરવાજાની કામગીરી વહેલાસર પૂર્ણ કરવા સૂચના આપી હતી. બેઠકમાં ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા, જિલ્લા પંચાયતના પ્રમુખ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા .

-------------------------------------------------------------------

- હિન્દુસ્તાન સમાચાર કરણ -(NAVIN)

# DIU FIRE

દીવમાં માછીમારી બોટમાં આગ લાગવાની ઘટનાઓના પગલે માછીમારો દ્વારા ફાયર ગાડીઓની માંગ કરાઈ છે.

અમારા પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે કે, દીવ જિલ્લામાં હાલ માછીમારી બંધ હોવાથી માછીમીર બટો જેટી પર લંગારેલી છે. ગઈકાલે વણાકબારા ખાતે લંગારેલી બોટમાં અચાનક આગ ભભૂક્તા માછીમારોએ દરિયાના પાણીથી આગ ઓળવી આગને કાબુમાં લીધી હતી અને મોટી દુર્ઘટના સર્જાતા ટળી હતી.

અગાઉ પણ પાવટી ગામે બે બોટમાં આગની ઘટનાઓ બની હતી. વારંવાર આગ લાગવાની ઘટનાના પગલે માછીમારો દ્વારા વણકાબારામાં ફાયરની ગાડીઓ મુકવા માંગ કરાઈ હતી.

---------------------------------------------------------------------

- પીટીસી દીવ - નીકિતા - દુર્ગેશ